# ઈશા સરદેસાઈને ધન્યવાદ
# અને
# ગરિમા બોરવણકરનું સ્વાગત

## *સિદ્ધયોગ ટિચિંગ્સ કાઉન્સિલ તરફથી એક પત્ર*

આત્મીય પાઠકો,

ખુશીઓથી ભરેલા ઉત્સવોની શુભકામના!

સિદ્ધયોગ પથ પર, આપણે શ્રીગુરુમાઈ પાસેથી શીખ્યા છીએ કે બીજાં લોકો પ્રત્યે સન્માન વ્યક્ત કરવાની રીતોમાં એક મુખ્ય રીત છે, આભાર વ્યક્ત કરવો. બીજાં લોકોનો આભાર માનવો અને પ્રશંસા કરવી એ એટલું મહત્ત્વપૂર્ણ છે કે તે આપણા દૈનિક વ્યવહારનું એક સ્વાભાવિક અંગ બની ગયું છે. અને એ ત્યારે *વિશેષતઃ* મહત્ત્વપૂર્ણ છે જ્યારે કોઈ વ્યક્તિએ એવું સર્વોત્કૃષ્ટ યોગદાન આપ્યું હોય જેનો વ્યાપક પ્રભાવ પડયો હોય.

વર્ષ ૨૦૧૮ માટે શ્રીગુરુમાઈનો સંદેશ છે, 'સત્સંગ'. એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનની એક યુવા સ્ટાફ સદસ્યાના યોગદાનથી સિદ્ધયોગ વિદ્યાર્થીઓ અને નવા સાધકો, બંનેને સમાનરૂપે સંદેશ સાથે સંલગ્ન થવામાં અત્યંત લાભ થયો છે. તેને તમે બહુ સારી રીતે ઓળખો છો. તેનું નામ છે ઈશા સરદેસાઈ. આ વર્ષે સિદ્ધયોગ પથ વેબસાઇટ પર દરેક મહિનાનો પરિચય કરવાતા બધા જ પત્રોની લેખિકા ઈશા હતી. જ્યારે આપણે એ માસિક પત્રો વિશે વિચારીએ છીએ ત્યારે તરત જ એક અંગ્રેજી કહેવત યાદ આવે છે, ''ગુડ થિંગ્સ કમ ઈન સ્મૉલ પૅકેજીસ'' એટલે કે સારી વસ્તુઓ નાના પડીકામાં આવે છે. દરેક પત્ર ઘણાં બધાં લોકોની સિદ્ધયોગ સાધના માટે બહુમૂલ્ય માર્ગદર્શક રહ્યો છે.

દર મહિને ઈશાના પત્રની નીચે પ્રકાશિત કરવામાં આવતી તમારી અંતરદષ્ટિઓને વાંચવામાં અમને અત્યંત આનંદ આવતો હતો. જ્યારે તમે એ પત્રથી પ્રાપ્ત તમારી સમજનું વર્ણન કરો છો અને સાથે તમે લખો છો કે કેવી રીતે તે તમારી પોતાની ખોજ કરવા માટે તમને પ્રેરિત કરે છે, ત્યારે તમારી કૃતજ્ઞતાની ભાવના મનને સ્પર્શી જાય છે. અમે

એ જોઈને પ્રભાવિત થયા છીએ કે ઈશાના શબ્દો અને જ્ઞાનની મદદથી, તમે તમારી સાધનામાં ઊંડે ઉતર્યા અને તમે તમારા અંતર પ્રજ્ઞાન સુધી પહોંચી શક્યા.

અમે એ પણ કહેવા માંગીએ છીએ કે અમારા માટે એ બહુ હૃદયસ્પર્શી હતું જ્યારે દર મહિને તમારાંમાંથી ઘણાં લોકોએ અમને ઈશાના પત્રો વિશે કહ્યું અને લખ્યું કે કેવી રીતે તેના પત્રોએ તેમને પ્રેરણા અને અંતરદૃષ્ટિ પ્રદાન કર્યા છે, તેમજ ગુરુમાઈજીના સંદેશ 'સત્સંગ'નો અભ્યાસ કરવા માટે અને તેને જીવનમાં ઉતારવા માટે વ્યવહારિક રીતો પણ પ્રદાન કરી છે. તમને બધાંને ઈશાના પત્રોથી લાભ થયો છે, તેનાં માટે અમે ખૂબ ખુશ છીએ.

તથાપિ ઈશાના પત્રોનું એક અસાધારણ પરિણામ એ પણ રહ્યું છે કે કેવી રીતે આ પત્રોએ વૈશ્વિક સિદ્ધયોગ સંઘમ્‌ને એક કરી દીધું; સિદ્ધયોગ ધ્યાન કેન્દ્રોમાં, સંકીર્તન અને ધ્યાન મંડળોમાં અને સાધના સર્કલમાં બધાંને જોડી દીધાં. અમે ઘણા બધા સિદ્ધયોગીઓ પાસેથી સાંભળ્યું છે — બંને શ્રીમુક્તાનંદ આશ્રમના વિઝીટીંગ સેવાકર્તાઓ અને વિશ્વભરમાં અમારી યાત્રા દરમ્યાન મળતા સિદ્ધયોગીઓ — કે સત્સંગમાં સહભાગી થવાની વિશેષતા એ હતી કે તેઓ ઈશાના પત્રને મોટેથી વાંચતા હતા અને એકસાથે તેનો અભ્યાસ કરતા હતા.

૨૦૧૮ માટે માસિક પત્રોની લેખિકાના રૂપે, ઈશાએ શ્રીગુરુમાઈને અર્પિત કરેલી તેની સેવા માટે અમે ઈશાને હૃદયથી કૃતજ્ઞતા વ્યક્ત કરવા માંગીએ છીએ. એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનમાં દરેક વ્યક્તિ તરફથી તેમજ વૈશ્વિક સિદ્ધયોગ સંઘમ્‌માં દરેક વ્યક્તિ તરફથી, અમે કહેવા માંગીએ છીએ, **''ધન્યવાદ, ઈશા!''**

આ ઉલ્લસિત સંધિકાળ પર, જ્યારે વર્ષ ૨૦૧૮નું આનંદપૂર્ણ સમાપન થઈ રહ્યું છે અને વર્ષ ૨૦૧૯ આપણી સમક્ષ પ્રગટ થવાની કગાર પર છે, ત્યારે તમને બે વાત જણાવતા અમને બહુ ખુશી થાય છે, જે ૨૦૧૯ એ ધારણ કરી છે.

- ઈશાને સિદ્ધયોગ પથ વેબસાઇટ માટે એક નવા લેખનકાર્યની સેવા પ્રાપ્ત થશે.
- અને ગરિમા બોરવણકરે, ઈશા પાસેથી ૨૦૧૯ માટે માસિક પત્રો લખવાની જવાબદારીનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કર્યો છે.

ગરિમા, ઓગણપચાસ વર્ષોથી સિદ્ધયોગ પથ પર છે અને તે એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનની સ્ટાફ સદસ્યા પણ છે. તે તેના પ્રેમાળ પતિ, નિતીન અને તેમના જર્મન શેફર્ડ કૂતરા, લિઓ (જે તેમના અનુસાર, *ઘણો* હોશિયાર છે!) સાથે ઉત્તરીય કેલિફૉર્નિયામાં રહે છે.

ચાલો આપણે બધા સાથે મળીને ફરી એકવાર ઈશાને હૃદયથી ધન્યવાદ કહીએ અને માસિક પત્રોની લેખિકાના રૂપે નવા સેવાકાર્ય માટે ગરિમાનું સ્વાગત કરીએ.

આદરસહિત,

*સ્વામી અપૂર્વાનંદ*

*સ્વામી અખંડાનંદ*

*સ્વામી શાંતાનંદ*

સિદ્ધયોગ ટિચિંગ્સ કાઉન્સિલ

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.